Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ ચોથ શનિવાર ૪ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૫

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘાનો કેર, હજુ ત્રણ દિવસ રેડ એલર્ટ

# જુનાગઢના માંગરોળમાં 20 ઈંચ વરસાદ

**સુરતના** અંબિકામાં 12, ડાંગમાં 12, ચીખલીમાં બે કલાકમાં 8 ઈંચ વરસાદ પડ્યો

**માળિયા** હાટીનામાં 11 ઈંચ, તાપીના ડોલવણમાં 11 ઈંચ વરસાદ પડતા વિસ્તારો પાણી પાણી

**ત્રણ** દિવસના રેડ એલર્ટમાં સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ તથા દાદરા-નગર હવેલીમાં અતિભારે વરસાદની શક્યતા



**ગાંધીનગરઃ** ગુજરાતમાં ચોમાસાએ જોરદાર બેટિંગ શરૂ કરી છે. જુનાગઢના માંગરોળમાં આભ ફાટ્યું હોય તેમ 20 ઈંચ જેટલો વરસાદ થતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ચારે તરફ પાણી જ પાણી ફરી વળ્યું છે. માંગરોળમાં પૂરની સ્થિતિ પેદા થવા પામી છે. નદી, નાળા છલકાઈ ઉઠયા છે. અહીં સ્થિતિ કફોડી વિકટ બની જવા પામી છે. જુનાગઢના માળિયા હાટિનામાં 14 ઈંચ, ડાંગના વઘાઈમાં 13.31 ઈંચ , સુરતના અંબિકામાં 13.19 ઈંચ , ડાંગના સુબીરમાં 13 ઈંચ , જુનાગઢના મેંદરડામાં 12.48 ઈંચ , કેશોદમાં 12.17 ઈંચ , તાપીના ડોલવણમાં 11.61 ઈંચ , નવસારીના વાંસદામાં 9.72 ઈંચ , ચીખલીમાં 9.57 ઈંચ , તાપીના વાલોડમાં 9.17 ઈંચ , ડાંગમાં 8.66 ઈંચ જેટલો વરસાદ થયો છે. રાજ્યના અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે નદીઓ-નાળાઓમાં નવા નીરની આવક થઈ છે અને જળાશયોમાં પાણીનો સંગ્રહ પણ સતત વધી રહ્યો છે. હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. બીજી તરફ, વરસાદના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત રિજન તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસું સક્રિય રહ્યું હતું. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં તેમજ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ વરસાદ નોંધાયો હતો. વલસાડ, મહેસાણા, ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ અતિભારે વરસાદ જ્યારે સુરત, વલસાડ, દમણ, તાપી, નવસારી, નર્મદા અને દાદરા-નગર હવેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો હતો. વરસાદની અસરથી રાજ્યના અનેક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં વધુ 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. અમદાવાદમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એકથી બે ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

...અનુસંધાન પાના 11 પર

### આજે સાંજે છ વાગ્યા સુધીમાં 147 તાલુકાઓમાં વરસાદ, પાંચથી વધુ વરસાદવાળા તાલુકા

- જુનાગઢના માંગરોળમાં 20 ઈંચ
- જુનાગઢના માળિયા હાટીનામાં 14 ઈંચ
- ડાંગ જિલ્લાના વઘઈમાં સૌથી વધુ 14.4 ઈંચ
- સુરત જિલ્લાના અંબિકામાં 12.64 ઈંચ
- ડાંગના સુબીરમાં 11.81 ઈંચ
- તાપીના ડોલવણમાં 11.30 ઈંચ
- જુનાગઢના મેંદરડામાં 9.65 ઈંચ
- કેશોદમાં 9.49 ઈંચ
- નવસારીના વાંસદામાં 9.49 ઈંચ
- ચીખલીમાં 9.13 ઈંચ
- તાપીના વાલોડમાં 8.86 ઈંચ
- ડાંગમાં 8.39 ઈંચ
- વલસાડમાં 7.83 ઈંચ
- નવસારીના ગણદેવીમાં 7.80 ઈંચ
- ગીર સોમનાથના પાટણ-વેરાવળમાં 7.52 ઈંચ
- તાપીના વ્યારામાં 6.77 ઈંચ
- નવસારીના ખેરગામમાં 6.06 ઈંચ
- રાજકોટના ધોરાજીમાં 5.55 ઈંચ
- સુરત જિલ્લાના માંગરોળમાં 5.51 ઈંચ
- મહુવામાં 5.16 ઈંચ

## મુંબઈમાં માત્ર 5 કલાકમાં 3 ઈંચ વરસાદ

**મુંબઈ, તા. 3 (PTI):** મુંબઈમાં શુક્રવારે અવિરત વરસાદે ધમધમાટી બોલાવી દીધી હતી, જેમાં માત્ર 5 કલાકમાં જ કેટલાક વિસ્તારોમાં 70 એમએમ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ (IMD) દ્વારા આગામી 24 કલાકમાં મુંબઈ અને તેના ઉપનગરોમાં 50-60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે 'ભારેથી અતિ ભારે' વરસાદની આગાહી કરવામાં આવી છે.

સવારથી જ સતત પડી રહેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જોકે, તંત્રના જણાવ્યા મુજબ મેટ્રો, લોકલ ટ્રેન અને બેસ્ટ બસો સામાન્ય રીતે ચાલુ રહી હતી, પરંતુ મુસાફરોએ ટ્રાફિક જામ અને ટ્રેનોમાં મોડું થવાની ફરિયાદ કરી હતી.

મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના જણાવ્યા અનુસાર, શુક્રવારે સવારે 8 વાગ્યે પુરા થતા 24 કલાકમાં શહેરમાં સરેરાશ 126 એમએમ, પૂર્વીય ઉપનગરોમાં 110 એમએમ અને પશ્ચિમી ઉપનગરોમાં 114 એમએણ વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ 150.2 એમએમ વરસાદ વાડી બંદર વિસ્તારમાં પડ્યો હતો,

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૩-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧.૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૯ સે. | ૨૭.૪ સે. | ૭૭% |

## ખામેનેઈની અંતિમવિધિનો આરંભ: બે કરોડ લોકો તેહરાન પહોંચે તેવી અપેક્ષા

**તેહરાનના** મોસલ્લા સંકુલમાં ખામેનેઇ તથા તેમના કુટુંબીજનોના મૃતદેહો અંતિમ દર્શન માટે મૂકવામાં આવ્યા

**ઇરાનના** ટોચના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી, પ્રમુખ પેઝેશ્કિયાન રડી પડ્યા

**વિશ્વના** અનેક દેશોના નેતાઓ તેહરાન પહોંચી રહ્યા છે, નવમી તારીખે મશહદમાં દફન વિધિ થશે

**દફનવિધિ** પછી ઇરાન-અમેરિકા મંત્રણાનો આગામી રાઉન્ડ યોજાશે એવી કતારની જાહેરાત

**તેહરાન, તા. ૩ :** ઈરાનમાં શુક્રવારે તેના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખામેનેઈની દિવસો સુધી ચાલનારી અંતિમવિધિનો આરંભ થયો હતો. આજે ખામેનેઇ તથા હુમલામાં માર્યા ગયેલા તેમના કુટુંબીજનોના પાર્થિવ દેહ શબપેટીઓમાં તેહરાનના મોસલ્લા સંકુલમાં રાખવામાં આવ્યા હતા જેથી જાહેર જનતા તેમના અંતિમ દર્શન કરી શકે. ઈરાન સરકારના ટોચના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી તે સાથે અંતિમવિધિના કાર્યક્રમોનો આજે આરંભ થયો હતો, જેમાં ઈરાન

...અનુસંધાન પાના 11 પર



### ખામેનેઇની અંતિમ વિધિનો કાર્યક્રમ

તેહરાનમાં શનિવારથી અંતિમ સંસ્કારની વિધિઓ શરૂ થશે અને આગામી કેટલાક દિવસો સુધી ઈરાન અને ઈરાકમાં ચાલુ રહેશે.
શનિવાર-રવિવારઃ જનતા શ્રદ્ધાંજલિ આપી શકે તે માટે ખામેનેઈના પાર્થિવ દેહને તેહરાનની ગ્રાન્ડ મોસલ્લા ખાતે રાખવામાં આવશે.
**સોમવારઃ** એક વિશાળ અંતિમયાત્રા તેમના પાર્થિવ દેહ સાથે તેહરાનના માર્ગો પરથી પસાર થશે.
**મંગળવારઃ** વધારાની વિધિઓ માટે આ અંતિમયાત્રા શિયા મુસ્લિમોના ઈરાનના સૌથી મહત્વપૂર્ણ ધાર્મિક કેન્દ્ર કોમ ખાતે જશે.
**બુધવારઃ** આ અંતિમ યાત્રા ઈરાક ક્ષેત્રના કરબલા જશે, જે શિયા ઈસ્લામના સૌથી પવિત્ર સ્થળોમાંનું એક છે.
**અંતિમ સંસ્કારઃ** ખામેનેઈને શિયા ઈસ્લામના સૌથી આદરણીય તીર્થસ્થાનોમાંના એક, મશહાદમાં ઈમામ રેઝાની દરગાહ ખાતે દફન કરવામાં આવશે.

### અંતિમ વિધિ દિવસો સુધી ચાલશે

શનિવારથી શરૂ કરીને, ઈરાન ખમેનેઈ માટે દિવસો સુધી ચાલનારી અંતિમયાત્રા અને વિધિઓ યોજશે અને તેમના પાર્થિવ દેહને ઈરાન તેમજ પડોશી દેશ ઈરાક બંનેના શહેરોમાં લઈ જવામાં આવશે. સત્તાવાળાઓ તેહરાનમાં રસ્તાઓ, હવાઈ ક્ષેત્ર અને રોજિંદું જીવન બંધ રાખવાની યોજના બનાવી રહ્યા છે જ્યારે કે શોકગ્રસ્ત લોકો ખમેનેઈના જીવનને યાદ કરશે.

## ઈ-રિક્ષાને રિમોટથી બંધ કરી દેતી 3 ચાઈનીઝ એપ્સને હટાવવાનો આદેશ

**સોશિયલ** મીડિયા પર વાયરલ વીડિયો બાદ સાયબર સુરક્ષાને લઈને સરકારે લીધો આ નિર્ણય

**નુકસાનકારક** એપ્સ સામે આઈટી સેક્રેટરીએ એપ સ્ટોર્સને આપી કડક ચેતવણી




**નવી દિલ્હી, તા. 3 (PTI):** સાયબર સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. દેશમાં બેટરીથી ચાલતા વાહનો (ઈ-રિક્ષા)ને રિમોટ કંટ્રોલ દ્વારા નિષ્ક્રિય કે બંધ કરવા માટે દુરુપયોગમાં લેવાતી 3 ચાઈનીઝ એપ્સ - 'BAT-BMS' , 'Lossigy' અને 'Epoch-i-ion'ને હટાવવાનો આદેશ આપ્યો છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, જો ભવિષ્યમાં આવી અન્ય કોઈ પણ એપ્લિકેશનનો દુરુપયોગ થતો જણાશે તો તેને પણ તાત્કાલિક બ્લોક કરી દેવામાં આવશે.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર કેટલાક એવા વીડિયો સામે આવ્યા હતા જેમાં બતાવવામાં આવ્યું હતું

...અનુસંધાન પાના 11 પર

### આ ત્રણેય બ્લૂટૂથ આધારિત બેટરી મેનેજમેન્ટ એપ્લિકેશન છે

BAT-BMS એ બ્લૂટૂથ આધારિત બેટરી મેનેજમેન્ટ એપ્લિકેશન છે, જેને ચીનની એક કંપની દ્વારા લિથિયમ બેટરી પેકના મોનિટરિંગ અને મેનેજમેન્ટ માટે બનાવવામાં આવી છે. આ એપ્લિકેશન વાહન નિયંત્રિત કરવા માટે નહીં, પરંતુ બેટરી મોનિટરિંગ માટે માર્કેટમાં મૂકવામાં આવી

...અનુસંધાન પાના 11 પર

## રામ મંદિર દાન કેસમાં ટ્રસ્ટના છેલ્લા 5 વર્ષના ખાતાઓનું થશે રી-ઓડિટ

**અયોધ્યા, તા. 3 (PTI):** અયોધ્યાના રામ મંદિરમાં દાનની કથિત ગેરરીતિની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના છેલ્લા 5 વર્ષના ખાતાઓનું ફરીથી ઓડિટ (રી-ઓડિટ) કરાવશે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં મોટા પાયે નાણાકીય અનિયમિતતાઓ સામે આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે. આ વિગતવાર તપાસમાં મંદિર નિર્માણના ખર્ચની સાથે-સાથે દાનમાં

## રામ મંદિરમાં દાનની ચોરીના દોષિતોને કડક સજા કરો: RSS

**આ ઘટનાથી** સમગ્ર સમાજની આસ્થાને ઊંડો આઘાત, ઘટનાનો દુરુપયોગ કરીને હિન્દુ ધર્મને બદનામ કરવાના ષડયંત્રો સામે ભક્તોને સંયમ રાખવા દત્તાત્રેય હોસબલેની અપીલ



**નવી દિલ્હી,તા. 3 (PTI):** અયોધ્યાના રામ મંદિરમાં દાનની કથિત ચોરીની ઘટના અંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મહાસચિવ દત્તાત્રેય હોસબલેએ શુક્રવારે કહ્યું હતું કે, આ ઘટનાથી સમગ્ર સમાજ અને રામભક્તોની ભાવનાઓ તથા

...અનુસંધાન પાના 11 પર